૨૧૦-૨૦૦-૬-૨૦૧૬

# ગુજરાત યુનિવર્સિટી

નં. એકેડેમિક/8333/૨૦૧૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ – ૩૮૦૦૦૯.
તા.૧૫/૬/૨૦૧૬

## ચૂંટણીની નોટીસ

બોર્ડ ઓફ એકાઉન્ટ્સ પર સ્ટે.૧૨૩ અનુસાર ત્રણ સભ્યોની ચુંટણી રવિવારને તા.૦૩-૦૭-૨૦૧૬ના રોજ યુનિવર્સીટી કોર્ટ દ્વારા યોજવામાં આવી છે.

ચૂંટણી કોર્ટ દ્વારા થવાની હોવાથી સદરહુ ચૂંટણી સ્ટેચ્યુટ ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦ માં દર્શાવેલી રીતે કરવામાં આવશે.

ચૂંટણી માટે ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય ૨૩-૦૬-૨૦૧૬, ગુરુવારના રોજ સાંજના ૪.૦૦ વાગ્યા સુધી કુલપતિશ્રીના આદેશથી નક્કી કરવામાં આવેલ છે. આવેલા ઉમેદવારીપત્રોની ચકાસણી શુક્રવારને તા.૨૪-૦૬-૨૦૧૬ ના રોજ સાંજે ૪.૩૦ વાગ્યે કરવામાં આવશે. ઉમેદવારીપત્રનું નિયત પત્રક(FORM) કુલસચિવશ્રી પાસેથી માંગણી કર્યેથી મળી શકશે.

ચૂંટણી માટે ઉભા રહેનારા ઉમેદવાર સ્ટેચ્યુટ-૧૨૩ અનુસાર એક્ઝીક્યુટીવ કાઉન્સિલના સભ્ય હોવા જોઈએ નહિ, પરંતુ તેઓ ગુજરાત યુનિવર્સીટીની કોર્ટના સામાન્ય સભ્ય (Class II Ordinary Member) હોવા જરૂરી છે.

ઉમેદવારીપત્ર નિયત પત્રક સ્ટે.૧૪૯ મુજબ ભરેલું હોવું જોઈએ.

ચૂંટણી માટેના ઉમેદવાર ઉમેદવારીપત્રો ચકાસણી પછીના ચોવીસ કલાક સુધીમાં એટલે કે તા.૨૫-૦૬-૨૦૧૬ ના શનિવારના રોજ સાંજે ૪.૩૦ વાગ્યા સુધીમાં યુનિવર્સીટી કાર્યાલયને પહોંચે એવી રીતે સ્ટે.૧૫૦માં જણાવ્યા પ્રમાણે સાક્ષીની સહી સાથે લેખિત પત્રથી પોતાની ઉમેદવારી પછી ખેંચી શકશે .

જો આ ચૂટણીમાં હરીફાઈ થશે તો સ્ટે.૧૬૦ અનુસાર તા.૨૭-૦૬-૨૦૧૬, સોમવારના રોજ પ્રત્યેક મતદાર ચૂંટણીમાં ઉભા રહેવાને પાત્ર ઠરેલા ઉમેદવારોને લગતી માહિતી મોકલવામાં આવશે.

મત આપવા માટે મતદાનપેટી તા.૦૩-૦૭-૨૦૧૬ને રવિવારના રોજ ૧૨.૪૫ થી ૩.૦૦ વાગ્યા સુધી ખુલ્લી રાખવામાં આવશે. આ સમય પછી આવનાર સભ્યને મતપત્ર મળી શકશે નહિ.

આ ચૂંટણીની પદ્ધતિથી Proportional representation by means of single transferable vote by ballot (એકડો બગડો ઈત્યાદી પદ્ધતિથી) અને ગુપ્ત મતદાનથી થશે .

કા. કુલસચિવ

પ્રતિ,

૧. યુનિવર્સીટી કોર્ટના સર્વે સભાસદો
૨. યુનિવર્સીટી કાર્યાલયના પ્રત્યેક વિભાગના વડા .
૩. કુલપતિશ્રીના અંગત મદદનીશશ્રી
૪. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી.